કૃપાકરી પ્રસિધ્ધી માટે                                        ૨૪ સપ્ટેંબર ૨૦૧૨

**ભારતીય જનતા પાર્ટીના નેતા અને માજી રેલ્વે રાજયપ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે પત્રકાર પરિષદ માં મુંબઈ ખાતે ૨૪ સપ્ટેંબર ૨૦૧૨ ના રોજ વિતરીત કરેલ નિવેદન**

## એલિવેટેડ રેલ્વે નું મૃગજળ – રામ નાઈક

**મુંબઈ, સોમવાર** : " મુંબઈના ૭૨ લાખ ઉપનગરી મુસાફરોની દ્રષ્ટીએ એલિવેટેડ રેલ્વે મૃગજળ છે. તેની બદલે રેલ્વેએ હાથ ધરેલાં પ્રકલ્પો યુધ્ધ નાં ધોરણે પૂરા કરવા જોઈએ તેમજ મુસાફરો નો વિશ્વાસ સંપાદન કરવા મુંબઈ ઉપનગરી રેલ્વેની શ્વેતપત્રિકા બહાર પાડવી" આ મુજબની માગણી ભારતીય જનતા પક્ષના નેતા અને માજી રેલ્વે રાજયપ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે મુંબઈ ખાતે આજે પત્રકાર પરિષદ માં કરી છે. ઉપનગરી મુસાફરોની માગણીઓ ના સંદર્ભે ચર્ચા કરવા માટે નવા રેલ્વેપ્રધાન શ્રી સી.પી. જોશી ની મુલાકાત પણ શ્રી રામ નાઈકે માગેલ છે.

ઉપનગરી રેલ્વે નાં પ્રશ્નો સંબંધે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " પાછલાં અઠવાડિયે સમાચાર પત્રો મારફત એલિવેટેડ રેલ્વે બાબત ઉંધાચત્તાં સમાચારો આવેલ છે. પશ્ચિમ રેલ્વે પર ચર્ચગેટ થી વિરાર એલિવેટેડ રેલ્વે ના રૂપિયા ૧૮ હજાર કરોડના પ્રકલ્પ માટે વડાપ્રધાન કાર્યાલયે મંજૂરી આપી હોવાનું કહેવામાં આવ્યું છે, અને મધ્ય રેલ્વે પર છત્રપતી શિવાજી ટર્મિનસથી કલ્યાણ એલિવેટેડ રેલ્વે નો ૩૨ હજાર કરોડ નો પ્રકલ્પ રેલ્વે બોર્ડે નામંજૂર કરેલ છે તેવા સમાચારો છે. આ પ્રકલ્પ પશ્ચિમ રેલ્વે પર થાય તો મધ્ય રેલવે પર કેમ નહીં તે પહેલો પ્રશ્ન નિર્માણ થાય છે. તેમજ આ પ્રકલ્પ રેલ્વે, રાજય સરકાર અને ખાનગી શેરધારકો ના સહકાર્યથી નિર્માણ થવાનો હોવાથી તે ગાડિઓ ફકત વાતાનુકુલિત હોઈ પ્રકલ્પ પૂર્ણ થતાં ઓછામાં ઓછા સાત - આઠ વર્ષ લાગે. તેમજ તેનું ભાડું ઉપનગર માં રહેનારા નિમ્ન અને મધ્યમવર્ગીઓને પોસાય કે નહીં તેય મુદ્દા નો પ્રશ્ન છે.તે સંકલ્પિત ભાડામાં અને હાલના ઉપનગરી ગાડીઓના ભાડામાં વધુ ફરક હશે તો એલિવેટેડ રેલ્વે ગાડીઓને પૂરતાં મુસાફરો મળસે કે નહીં તે પણ પ્રશ્ન ઊભો થાય છે. માટે જ એલિવેટેડ રેલ્વે પર વ્યાપક ચર્ચા થવાની જરૂર છે."

..૨..

"મહારાષ્ટ્ર સરકાર ના બંન્ને મેટ્રો રેલ્વે પ્રકલ્પનો વાહનવ્યવહાર શરૂ કરવાની તારીખો નીકળી ગઈ હોવા છતાંયે વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે ભૂમીપૂજન કરેલા વર્સોવા - અંધેરી - ઘાટકોપર પ્રકલ્પનું કામ પૂરૂં થયું નથી અને રાષ્ટ્રપતી પ્રતિભા પાટીલે ૧૮ ઑગષ્ટ ૨૦૦૯ ના રોજ ભૂમિપૂજન કરેલા ચારકોપ – વાંદ્રા – માનખુર્દ પ્રકલ્પ નું પ્રત્યક્ષ કામ હાલ પણ શરૂ થયેલ નથી. આ પાર્શ્વભૂમી પર એલિવેટેડ રેલ્વે નો પ્રકલ્પ અર્થાત ઝાંઝવાના જળ જ કહી શકાય. એલિવેટેડ રેલ્વે જેવા મહત્વ ના પ્રકલ્પ બાબત ની માહિતી વડાપ્રધાન કાર્યાલય, મુખ્ય પ્રધાન, રેલ્વે પ્રધાન અથવા રેલ્વે બોર્ડ અધ્યક્ષ ના માધ્યમે અધિકૃતપણે ન આવી તેય મને થનારી નવાઈ જ છે," એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

ઉપનગરી રેલ્વે પ્રકલ્પ સંબંધે આગળ બોલતાં શ્રી રામ નાઈકે કહ્યું કે, " હું રેલ્વે રાજયપ્રધાન (સ્વતંત્ર પ્રભાર) હતો તેવેળાં મુંબઈ રેલ્વે પ્રાધિકરણ ની સ્થાપના કરી મુંબઈ નાગરી વાહતુક પ્રકલ્પ (એમયુટીપી) હાથ ધર્યો હતો. ડૉ. મનમોહન સિંહ વડાપ્રધાન થયાં બાદ આ પ્રકલ્પમાંની યોજનાઓની કાચબાગતીએ થતી પ્રગતી નાં મુંબઈ રેલ્વે પ્રવાસી સાક્ષીદાર છે જ, એટલું જ નહીં તો તેઓ તેની હાલાકી ભોગવેલા છે.પ્રકલ્પ નો શરૂઆતનો અપેક્ષિત ખર્ચ રૂ.૩,૧૨૫ કરોડથી વધી રૂ.૪,૧૭૪ કરોડે અર્થાત રૂ.૧,૦૪૯ કરોડે વધી ગયો છે. વિરાર - દહાણૂ રેલ્વે માર્ગ ને પહોળો કરવાનું કામ પૂર્ણ થઈ ૧૭ મહિના વહી ગયા છતાંયે ચર્ચગેટ થી દહાણૂ સૂધી ઉપનગરી ગાડિઓ દોડાવવાનું ચોઘડિયું આવ્યું નથી.પશ્ચિમ રેલ્વે પરનો વિદ્યુતપ્રવાહ ડી.સી. ના બદલે એ.સી. માં પરિવર્તીત થયો હોવા છતાંયે હાલ ગાડિઓની દર કલાકે ગતી ૮૦ કિલોમિટર થી ૧૦૦ કરવામાં આવેલ નથી. તેમ કરવાથી સમયપત્રકમાં ફેરબદલ કરી મુસાફરોનો સમય તો બચશે જ પરંતુ ગાડિઓની ફેરીઓ પણ વધી જશે. મુંબઈનાં ૭૨ લાખ મુસાફરો ને જરા પણ સમાધાન આપવું હોય તો વિનાવિલંબે ચર્ચગેટ - દહાણુ લોકલ સેવા શરૂ કરવી જોઈએ. તેમજ એમયુટીપી ૧ અને ૨ ના અધૂરા રહેલાં પ્રકલ્પો ખરા અર્થમાં યુધ્ધસ્તરે પૂરાં કરવા જાઈએ. એ સિવાય ઉપનગરી રેલ્વેની વિદ્યમાન પરિસ્થિતી મુસાફરોને સમજવા માટે શ્વેતપત્રિકા (White Paper) પણ બહાર પાડવાની જરૂર છે."

" નવા રેલ્વે પ્રધાન શ્રી સી.પી. જોશી ને મુંબઈની સમસ્યાઓ ની જાણ થાય માટે તેમની સાથે ચર્ચા કરવા માટે સમય માગ્યો છે," તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતુ.

**( કાર્યાલય સચિવ )**